ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી

# GUJARAT UNIVERSITY

( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA.
AHMEDABAD-380 009 (INDIA).

નં. પરીક્ષા/૬૧૧૨૧/૨૦૧૩ — તા.૧૧-૧-૨૦૧૩
પરિપત્ર નં. : ૯

પ્રતિ,
સંલગ્ન તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ/યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/માન્ય સંસ્થાઓના ડાયરેક્ટરશ્રીઓ.

**વિષય :** ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં રોકાયેલ આચાર્યો/અધ્યાપકો/કર્મચારીઓની પરીક્ષાની કામગીરીને "On Duty" ગણવા બાબત.

**સંદર્ભ :** (૧) ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક પરીક્ષા/ઓબ્ઝર્વર/૪૬/૨૦૦૧, તા. ૯-૪-૨૦૦૧.
(૨) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્રાંક કવટ-વ-૧(૧)/યુનિ.-૨૦૦૮/૨૦૩૭-૩૮, તા. ૧-૩-૨૦૦૮.
(૩) ગુજ. યુનિ.ના પત્રાંક નં. પરીક્ષા/૨૭૪૩૬/૨૦૦૮, તા. ૪-૮-૨૦૦૮.
(૪) ગુજ. યુનિ.ના પત્રાંક નં. પરીક્ષા/૩૨૯૧૩/૨૦૦૩, તા. ૧૭-૧-૨૦૦૩.

શ્રીમાન,

આપ સૌને વિદિત થાય કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં યુનિવર્સિટી દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓ અને પરીક્ષા સંબંધિત તમામ કામગીરીમાં યુનિવર્સિટી તથા કૉલેજો, ભવનો કે સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી તેમજ લેબોરેટરી કર્મચારીઓએ ઉપરોક્ત સંદર્ભ પત્રો અન્વયે પરીક્ષાની કામગીરી તેમની ફરજના ભાગરૂપે બજાવવાની હોય છે.

વધુમાં જણાવવાનું કે, તેઓની સેવા જેટલા દિવસો માટે યુનિવર્સિટી ખાતે પરીક્ષા અને પરીક્ષા સંબંધિત કાર્યો માટે લેવામાં આવે છે, તેઓની આ સેવાને તે દિવસો માટે જે તે સંસ્થા/ભવન/કૉલેજમાં "On Duty" ગણવાની રહેશે, જેની સંબંધિત સૌએ નોંધ લઈ યોગ્ય કરવા વિનંતી. પરીક્ષા અને પરીક્ષા સંબંધિત કાર્યોમાં આપની કૉલેજ/ભવન/સંસ્થા તરફથી સંકળાયેલા તમામ વ્યક્તિઓને આપના સ્તરેથી કોઈ પણ પ્રકારની અડચણ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવા વિનંતી. આ પરિપત્ર વ્યાપક જાણ અર્થે સૌને ધ્યાને લાવવા વિનંતી.

આપના તરફથી આ અંગેની પૂરતી સહકારની આશા રાખું છું.

આભાર સહ,

ઇ/ચા. કુલસચિવ

નકલ રવાના :
સંલગ્ન અનુદાનિત/સ્વનિર્ભર કૉલેજોના પ્રમુખશ્રી/મંત્રીશ્રી તરફ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં યુનિવર્સિટીને સહકાર આપવા ઘટતી કાર્યવાહી કરવા સારું.

[E:\mix\CE_letter]